<u>**ફો.કે.નં. ૧૦૫૨/૨૦૨૨**</u>

<u>**-: આંક-૧ લગત હુકમ :-**</u>

**૧.** હાલના કામે ઉપલબ્ધ કેસનું રેકર્ડ વંચાણે લીધુ. કેસનું રેકર્ડ જોતા આ કામના આરોપી સામે <u>ઈ.પી.કોડની કલમ-૧૮૬ તથા લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૦, ૧૯૫૧, ૧૯૮૯ ની કલમ-૧૩૧, ૧૩૨</u> મુજબના ગુનાનો આક્ષેપ છે અને સદર કામ આરોપીને પ્રોસેસની બજવણી કરવા માટે પેન્ડીંગ છે. વિશેષમાં અત્રેની અદાલત ધ્વારા વારંવાર આરોપીને સમન્સ/પકડ વોરંટ નીકાળવામાં આવેલ છે, પરંતુ ફરીયાદ પક્ષ સદર સમન્સ/પકડ વોરંટની બજવણી આરોપીને ઘણી બધી મુદતો આપવા છતાં કરાવી શકેલ નથી. આમ, કેસના રેકર્ડ ઉપરથી આરોપીને અદાલત સમક્ષ લાવવા માટેના યોગ્ય પ્રયત્ન થયેલા હોવાનુ જણાય છે તેમજ વારંવાર સમન્સ તથા વોરંટ વગર બજે પરત આવેલ હોવાનુ જણાય છે. જેથી આ કામે આરોપી વિરુદ્ધનો ગુનો, તેનો પ્રકાર, મહત્તમ સજાની જોગવાઈ વીગેરે ધ્યાનમાં લેતા આરોપી વિરુદધનો સદરહુ કેસ વધુ સમય આગળ ચલાવવો નાણાં અને સમયના વ્યય સમાન છે.

**૨.** વધુમાં આ તબક્કે નામદાર સુપ્રિમ કોર્ટના <u>**પી. રામચંદ્રરાવ વિ.. કર્ણાટક રાજય [2002(4) SCC 578]**</u> ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત અને નામદાર ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળના આદેશ તથા નામદાર રાષ્ટ્રિય કાનુની સેવા સત્તામંડળ (નાલ્સા) દ્વારા પત્ર ક્રમાંક F.NO.L/ 23/ 2014/ NALSA/ 2351 Dated. 20/08/2014 તેમજ પત્ર ક્રમાંક GLSA/ 3779/ 2015 Dated. 24/11/2015 માં નામદાર હાઈકોર્ટ દ્વારા કરવામાં આવેલા માર્ગદર્શક આદેશો અનુસાર તથા ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૮ની જોગવાઇ ધ્યાનમાં રાખતા સદરહુ મ્રુત સ્થિતીમાં રહેલ જુનો કેસ આગળ ચલાવવા માટેના કોઇ કારણો જણાઇ આવતા નથી.

ઉપરોક્ત તમામ હકીકતો ધ્યાને લેતા હાલનો કેસ DEAD WOOD CASE ની કેટેગરીમા આવે છે. જેથી તેવા કેસને આગળ ચલાવવાથી કોઇ અર્થ સરે તેમ નથી. વધુમાં તેવા કેસ ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૮ અન્વયે બંધ કરવાથી કોઇ પણ વ્યક્તિ કે સરકાર પક્ષને પણ કોઇ પ્રેજ્યુડાઇઝ થવાની કોઇ શક્યતા નથી. જે તમામ સંજોગોમાં નીચે મુજબનો હુકમ કરવો યોગ્ય જણાય છે.

<u>**-: હુ ક મ :-**</u>

**૧.** હાલના કેસની કાર્યવાહી ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૮ અન્વયે બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામના આરોપી મળી આવેથી, ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ-૩૦૦(૫) અન્વયે કેસ જ્યાંથી બંધ કરવામાં આવેલ છે, ત્યાંથી કેસની કાર્યવાહી આગળ શરુ કરવી.

હુકમ આજ રોજ લોક અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**તારીખ:** ૦૯-૦૩-૨૦૨૪
**સ્થળ :** માંડવી

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, માંડવી-કચ્છ
કોડ નં.જી.જે.૦૧૨૮૯